પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૨૧, કુલ પાના:૪, તારીખ: ૧૩-૦૧-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 121 PRICE :-RS. 1.50 DATE : 13-01-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોર્ટે ત્રણેય કૃષિ કાનૂનના અમલ પર પ્રતિબંધ મૂકી ૪ સભ્યોની કમિટી બનાવી

# સુપ્રિમ કોર્ટની મોદી સરકારને લપડાક: નવા કૃષિ કાયદાઓ પર સ્ટે

ન્યુ દિલ્હી,

સુપ્રીમ કોર્ટએ નરેન્દ્ર મોદી સરકારને મોટો ઝાટકો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર દ્વારા પસાર કરાયેલા ત્રણ કૃષિ કાયદાના અમલીકરણ પર સ્ટે મૂકી દીધો છે. સુપ્રીમ કોર્ટે આ નિર્ણય મંગળવારે આપ્યો હતો, આ મુદ્દાના નિરાકરણ માટે સમિતિની પણ રચના કરવામાં આવી છે. સરકાર અને ખેડુતો વચ્ચે લાંબા સમયથી ચાલતી વાટાઘાટોનું સમાધાન ન થતાં સુપ્રીમ કોર્ટે આ નિર્ણય લીધો હતો. સુપ્રીમ કોર્ટે પોતાના આગળના આદેશ સુધી કૃષિ કાયદાના અમલ પર પ્રતિબંધ મૂકી દીધો છે. સુનવણી દરમ્યાન કોર્ટે બંને પક્ષોને તીખા પ્રશ્નો પૂછયા હતા.



સુનવણી દરમ્યાન સુપ્રીમ કોર્ટ અને ચીફ જસ્ટિસે સરકાર અને ખેડૂત સંગઠનોને બરાબરના ખખડાવ્યા હતા. કોર્ટે કહ્યું કે તેઓ કાયદાની માન્યતા અને નાગરિકોના જીવનને લઈ ચિંતિત છે. ચીફ જસ્ટિસે કહ્યું કે આ કમિટી બધાનું સાંભળશે. જેને પણ આ મુદ્દાનું સમાધાન જોઈએ તે કમિટીની પાસે જઈ શકે છે. આ કોઈ આદેશ રજૂ કરશે નહીં કે તમને સજા આપશે નહીં. આ માત્ર અમને તમારો રિપોર્ટ સોંપશે. તેમણે કહ્યું કે અમે એક કમિટીની રચના કરીએ છીએ જેથી કરીને અમારી પાસે એક તસવીર સ્પષ્ટ હોય. અમે એ નથી સાંભળવા માંગતા કે કિસાન કમિટીની પાસે જશે નહીં. અમે સમસ્યાનું સમાધાન કરવા માંગીએ છીએ. જો તમે અનિશ્ચિતકાળ માટે પ્રદર્શન કરવા માંગો છો તો તમે આમ કરી શકો છો. કિસાન સંગઠનોના વકીલ વિકાસ સિંહે કહ્યું કે ખેડૂત પ્રદર્શન સ્થળથી એ જગ્યા એ જઈ શકે છે જ્યાંથી પ્રદર્શન દેખાય. અન્યથા પ્રદર્શનનો મતલબ રહેશે નહીં. રામલીલા મેદાન પ્રદર્શન માટે આપવામાં આવે. તેના પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે રામલીલા મેદાન કે બીજે કયાંય પ્રદર્શન માટે પોલીસ કમિશ્નર પાસેથી ખેડૂત મંજૂરી માટે અરજી કરી શકે છે એવો અમે ઓર્ડર કરીશું. ચીફ જસ્ટિસ એસ.એ.બોબડે એ કહ્યું કે કમિટી આ કેસમાં ન્યાયિક પ્રક્રિયાનો હિસ્સો હશે. અમે કૃષિ કાયદાને સસ્પેન્ડ કરવાની યોજના બનાવી રહ્યા છે, પરંતુ અનિશ્ચિતકાળ માટે નહીં. ખેડૂત સંગઠનોની તરફથી હાજર વકીલ એલએમ શર્માએ કહ્યુંકે ખેડૂતોએ કહ્યું કે કેટલાંક લોકો વાતચીત માટે આવે છે પરંતુ મુખ્ય વ્યક્તિ વડાપ્રધાન આવતા નથી. તેના પર ચીફ જસ્ટિસે કહ્યુ કે અમે પીએમને વાતચીત કરવા માટે કહી શકીએ નથી. તે આ કેસમાં પાર્ટી નથી.

ચીફ જસ્ટિસે કહ્યુંકે અમને કાયદાની માન્યતાને લઈ ચિંતા છે. સાથો સાથ નાગરિકોના જીવન અને સંપત્તિને લઈ પણ ચિંતા છે. અમે સમસ્યાનું સમાધાન કરવાની કોશિષ કરી રહ્યા છીએ. અમારી પાસે એક શકિત છે કે અમે કાયદાને સસ્પેન્ડ કરી દઈએ અને એક કમિટીની રચના કરીએ.

ચીફ જસ્ટિસ એસ એ બોબડે, જસ્ટિસ એ.એસ.બોપન્ના અને જસ્ટિસ વી.રામાસુબ્રમણિયનની બેન્ચે એટોર્ની જનરલને કહ્યું કે તેઓ સરકાર પાસેથી નિર્દેશ લે કે શું સરકાર ખુદ કાયદાના અમલ પર પ્રતિબંધ લગાવા તૈયાર છે. ઉલ્લેખનીય છે કે સોમવારે પણ સુનાવણી કરતા સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી હતી. અને કહ્યું હતું કે કૃષિ કાયદા પર પ્રતિબંધ મૂકો છો કે અમે મૂકીએ.

## આંદોલન યથાવત્ જ રહેશે: ખેડૂત નેતા રાકેશ ટિકૈતનું નિવેદન



સુપ્રીમ કોર્ટ દ્વારા આગલા આદેશ સુધી ત્રણે કૃષિ કાયદા ઉપર સ્ટે લગાવામાં આવયો છે. સાથે જ કોર્ટે આ અંગે એક કમિટિ ગઠનનો આદેશ પણ આપ્યો છે. સુપ્રીમ કોર્ટના આવા નિર્ણય બાદ પણ ખેડૂત નેતા રાકેશ ટિકૈતે કહ્યું કે આંદોલન શરુ જ રહેશે. તેમણે કહ્યું કે તેઓ ખેડૂતો સાથે ચર્ચા કરીને નક્કી કરશે કે તેઓ કમિટિ પાસે જશે કે નહીં. તેમણે આગળ કહ્યું કે જો સરકારે બળજબરી વડે આંદોલનકારી ખેડૂતોને દૂર કરવાનો પ્રયાસ કર્યો તો તેમાં ૧૦ હજાર લોકોના મોત થઈ શકે છે. રાકેશ ટિકૈતની આ વાતથી ફરી એક વખત ચર્ચા શરુ થઈ છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા દોઢ મહિના કરતા પણ વધારે સમયથીરાજધાની દિલ્હીની સીમાઓ પર ખેડૂતો આંદોલન કરી રહ્યા છે. મોટી સંખ્યામાં ખેડૂતો ત્રણે કૃષિ કાયદાને રદ કરવાની માંગ કરી રહ્યા છે. ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું કે અમે ખેડૂતોની કમિટિમાં આ અંગે ચર્ચા કરીશું. ૧૫ જાન્યુઆરીએ સરકાર અને ખેડૂતો વચ્ચેની બેઠકમાં સામેલ થશું. કોર્ટે જે કમિટિ બનાવવાની વાત કરી છે, તેમાં જઈશું કે નહીં તે અંગેનો નિર્ણય બાદમાં કરીશું, પરંતુ આંદોલન તો શરુ જ રહેશે. જ્યાં સુધી ત્રણે કૃષિ કાનૂન પરત લેવમાં નહીં આવે ત્યાં સુધી ઘરવાપસી નહીં થાય.

રાકેશ ટિકૈતે કહ્યું કે ખેડૂતો ૨૬ જાન્યુઆરીએ પરેડ કરીને રહેશે. સરકાર એવું વિચારે છે કે ખેડૂતોને દૂર કરવામાં એક હજાર લોકોના મોત થઈ શકે છે, પરંતુ આ ધારણા ખોટી છે. જો અમને બળજબરી પૂર્વક દૂર કરવાનો પ્રયાસ થયો તો ૧૦ હજાર લોકોના મોત થઈ શકે છે.

## જીતશે ગુજરાત, હારશે કોરોના: કોરોના રસીનો પ્રથમ જથ્થો ગુજરાત પહોંચ્યો

ગાંધીનગર,

પૂણેની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ તૈયાર કરેલી કોરોના વેક્સિન એવી કોવિશીલ્ડનો પહેલો જથ્થો અમદાવાદ આવી ચૂક્યો છે. આ વેક્સિન સવારે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચી હતી. જ્યાં તેના સ્વાગત માટે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા તેમજ આરોગ્યસચિવ જયંતી રવિ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નીતિન પટેલે વેક્સિનને લીલીઝંડી આપ્યા બાદ અમદાવાદ એરપોર્ટ પરથી અસારવા સિવિલ લઈ જવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગર અને ભાવનગર માટે ૨ લાખ ૭૬ હજાર



જેટલો જથ્થો અત્યારે આવ્યો છે, જેમાં અમદાવાદ માટે ૧ લાખ ૮ હજાર વેક્સિન આવશે. અમદાવાદ એરપોર્ટ પરથી અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે વેક્સિનેશ સ્ટોરેજમાં જથ્થો લઈ જવાયો છે. ગાંધીનગર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જથ્થો લઈ જવામાં આવ્યો છે.

૧૧ વાગે વેક્સિન અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે આવી પહોંચી હતી. જ્યાં એરપોર્ટ પર વેક્સિનને વધાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ અને સિવિલ હોસ્પિટલના અધિકારી હાજર રહ્યા હતા. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ એરપોર્ટ પર આવી વેક્સિનનાં વધામણાં કર્યા હતાં. એરપોર્ટ પર ચુસ્ત પોલીસ-બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જેસીપી ગૌતમ પરમાર, ડીસીપી, એસીપી અને પીઆઈ સહિતના અધિકારીઓ એરપોર્ટ પર હાજર રહ્યા હતા.

નીતિન પટેલે વધુમાં કહ્યુ કે, “વેક્સીન આવવાથી લોકોનો ઉત્સાહ વધ્યો છે, વડાપ્રધાને અગમચેતીના ભાગરૂપે પહેલા લોકડાઉન કર્યુ, કરફ્યુ અને તે પછી અનલોક કર્યુ, હવે બધી રીતે પ્રજાને વેક્સીનથી સુરક્ષિત કરવા માટે સમગ્ર દેશમાં ૩૦ કરોડ નાગરિકોને વેક્સીનેશન આપવાનું કામ ૧૬ જાન્યુઆરીથી શરૂ થશે. પ્રથમ તબક્કામાં ૩ કરોડ આરોગ્ય વિભાગ સાથે સંકળાયેલા ડૉક્ટર, નર્સિંગ સ્ટાફ, સફાઈ કામદારોને ૧૬ તારીખથી વેક્સીનેશનની શરૂઆત થશે, જેના માટે પ્રથમ તબક્કાનો ૨ લાખ ૭૬ હજારનો જથ્થો પહોચાડવા બદલ ગુજરાત સરકાર તરફથી, મુખ્યમંત્રી વિજય રૂપાણી તરફથી ગુજરાતની જનતા તરફથી વડાપ્રધાનનો આભાર માનું છું. ૨૨ હજાર ડોઝ આવતીકાલે અથવા ગુરૂવારે ભાવનગર વિસ્તારમાં મોકલી આપવામાં આવશે. અમદાવાદ શહેર, અમદાવાદ જિલ્લા, ગાંધીનગર જિલ્લો અને ગાંધીનગર વિસ્તાર તેમજ ભાવનગર વિસ્તારમાં કોરોના વેક્સીનનો જથ્થો ફાળવી આપવામાં આવ્યો છે. બીજો જથ્થો પૂણાથી આવતીકાલે સુરત પહોચશે જેના માટે વેક્સીનના ૯૩ હજાર ૫૦૦ ડોઝ ફાળવવામાં આવ્યા છે. વડોદરા ખાતે પણ ૯૪ હજાર ૫૦૦ ડોઝનો જથ્થો પૂણાથી આવતીકાલે પહોચશએ. રાજકોટ ખાતે પણ આવતીકાલે વાહન દ્વારા કોરોના વેક્સીનનો જથ્થો પહોચશે.

## કેન્દ્ર સરકારે બાયોટેક-સીરમને કોરોનાના રસીના વધુ ૭ કરોડ ડોઝનો ઓર્ડર આપ્યો

ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકારે ભારત બાયોટેક અને સીરમ ઈન્સ્ટીટ્યુટને કોરોનાની રસીના વધુ છ કરોડ ડૉઝનો ઓર્ડર આપ્યો હતો. દેશમાં ૧૬મી જાન્યુઆરીથી રસીકરણ શરૂ થવાનું છે. પહેલા તબક્કામાં હેલ્થવર્કર્સ અને ફ્રન્ટલાઈન શ્રમિકોને રસી આપવામાં આવશે. આ કાર્ય પાછળ ૧૩૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ આવશે. કેન્દ્ર સરકારે ઓકસફર્ડ કોવિડ-૧૯ કોવીશીલ્ડના ૧.૧ કરોડ ડૉઝ જીએસટી સહિત ડૉઝ દીઠ ૨૧૦ રૂપિયાના હિસાબે સીરમ ઈન્સ્ટીટ્યુટને ડૉઝ તૈયાર રાખવાનું જણાવ્યું હતું. આ તમામ ડૉઝ સરકાર ખરીદશે અને એનો ખર્ચ ૧૧૦૦ કરોડ રૂપિયા આવશે. કેન્દ્રના આદેશ મુજબ કોવીશીલ્ડના પ્રત્યેક ડૉઝની કિંમત ૨૦૦ રૂપિયા રાખવામાં આવી હતી. દસ રૂપિયા જીએસટી તરીકે ચૂકવવાના રહેશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે મુખ્ય



પ્રધાનો સાથેની વિડિયો કોન્ફરન્સમાં આ રસીકરણને વિશ્વના સૌથી મોટા આરોગ્યલક્ષી કાર્યક્રમ સમાન ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે ૧.૧ ડૉઝનો પહેલો ઓર્ડર ૨૩૧ કરોડ રૂપિયાનો હશે. પહેલા તબક્કામાં હેલ્થ વર્કર્સ અને ફ્રન્ટલાઈન વર્કર્સને રસી આપવામાં આવશે. એનો ખર્ચ સરકાર ઉપાડશે. વડા પ્રધાને એવું સૂચન કર્યું હતું કે પહેલે તબક્કે લોકપ્રતિનિધિઓ કે રાજનેતાઓએ રસી લેવાની નથી.

વડા પ્રધાને કહ્યું હતું કે છેલ્લા થોડા સમયથી પચાસ દેશોમાં રસીકરણનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો છતાં હજુ સુધી માત્ર અઢી કરોડ લોકોને રસી અપાઈ હતી. આપણો ટાર્ગેટ આગામી થોડા મહિનામાં ત્રીસ કરોડ લોકોને રસી આપવાનો છે. આ એક વિરાટ કાર્યક્રમ છે અને વિશ્વમાં સૌથી મોટો કાર્યક્રમ છે. ગયા વર્ષના ફેબ્રુઆરી માર્ચથી શરૂ થયેલો કોરોનાનો ચેપ દેશમાં અત્યાર સુધીમાં લાખો લોકોને જકડી શક્યો હતો અને હજારો લોકો મરણ પામ્યા હતા. જો કે આમ છતાં અમેરિકા જેવા દેશની તુલનાએ ભારતમાં જાનહાનિ કે ચેપનો ફેલાવો ઓછો થયો હતો. એની પાછળ લૉક્ડાઉન જેવાં આકરાં પગલાં નિમિત્ત બન્યાં હતાં.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પટેલ ચેમાભાઈ ગલાભાઈ
મુ. મેઘામુવાડી,
તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

હરીજન ચેતનભાઈ બાબુભાઈ
મુ. ઉંચવાણ,
તા. દે.બારીઆ

ગુજરાત સરકાર
શ્રમ અને રોજગાર વિભાગ
મુખ્યમંત્રીશ્રી
વિજયભાઈ રૂપાણી
ના વરદ્ હસ્તે



શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત



શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

રોજગાર સેતુ અને ઓનલાઈન ભરતીમેળા પખવાડિયાનો
ઈ-શુભારંભ

રોજગાર સેતુ
- દેશમાં પ્રથમવાર
- ફક્ત એક સિંગલ કોલથી મળશે શૈક્ષણિક તથા કારકિર્દીલક્ષી માહિતી અને માર્ગદર્શન
- ખાનગી તથા જાહેર ક્ષેત્રની રોજગારી અંગે મળશે માહિતી
- ઉપલબ્ધ રિસોર્સમાંથી પ્રોજેક્ટનું અમલીકરણ
- ૬૩-૫૭-૩૯૦-૩૯૦
- એક થી ચાર પ્રેસ કરવાથી મળશે રોજગાર સેવાઓ અંગેની માહિતી
- પાંચ પ્રેસ કરવાથી ઉમેદવાર કરશે જિલ્લા રોજગાર કચેરી સાથે સીધો સંવાદ
- પ્રોજેક્ટમાં ૭૫ કાઉન્સેલર દ્વારા સેવાઓ

ઓનલાઈન ભરતીમેળા પખવાડિયું
- કોરોના સંક્રમણની પરિસ્થિતિમાં રાજ્યના ઉમેદવારોને ડિજિટલ માધ્યમથી રોજગારી પૂરી પાડવાનો રાજ્ય સરકારનો નવતર અભિગમ
- ભરતીમેળા પખવાડિયા દરમિયાન પ્રત્યેક જિલ્લા રોજગાર કચેરી દ્વારા ભરતીમેળાનું આયોજન

કોલ સેન્ટર ૬૩-૫૭-૩૯૦-૩૯૦

“કોરોના સંક્રમણની સ્થિતિમાં માહિતી તથા રોજગારીનો એક માત્ર સ્ત્રોત બનશે-રોજગાર સેતુ”
શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

“ડિજિટલ ગુજરાત... અગ્રેસર ગુજરાત”
શ્રી દિલીપકુમાર ઠાકોર, મંત્રી, શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત

નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી, ગાંધીનગર

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# દેશના પ્રથમ રોજગારલક્ષી ઓનલાઇન કોલ સેન્ટર રોજગાર સેતુનો E-પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ સ્વામી વિવેકાનંદ જયંતિ રાષ્ટ્રીય યુવા દિવસે રાજ્યના રોજગાર વાંચ્છુ યુવાઓ માટે રોજગારલક્ષી ઓનલાઇન કોલ સેન્ટર રોજગાર સેતુનો ગાંધીનગર ખાતેથી ઇ-પ્રારંભ કરાવ્યો હતો.

દેશભરમાં ગુજરાતની આ નવતર પહેલમાં રાજ્યનો કોઇ પણ યુવાન આ કોલ સેન્ટરનો એક કોલ નંબર ૬૩-૫૭-૩૯૦-૩૯૦ડાયલ કરીને રાજ્યના કોઇપણ જિલ્લાની અભ્યાસલક્ષી, રોજગારલક્ષી અને સરકારની યુવાલક્ષી સહિતની યોજનાઓની માહિતી મેળવી શકશે. રાજ્યના શ્રમ રોજગાર વિભાગના રોજગાર તાલીમ નિયામક કચેરી દ્વારા આ નવતર પહેલ સાથે મુખ્યમંત્રીએ ઓનલાઇન ભરતી મેળા પખવાડીયું (૧૨ જાન્યુઆરીથી ૨૫ જાન્યુઆરી)નો પણ પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્ય મંત્રીએ ગાંધીનગર ખાતેથી સમગ્ર રાજ્યમાં શ્રમ અને રોજગાર વિવિધ યોજનાઓનું લોકાપર્ણ કર્યું હતું.

આ ઇ-લોકાપર્ણ કાર્યક્રમમાં મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે જિલ્લા કલેકટર આર. બી. બારડ સહિત જિલ્લા રોજગાર અધિકારી પરમાર પણ ઓનલાઇન જોડાયા હતા. આ ઇ-લોકાપર્ણ થતાં રોજગાર વાંચ્છુ ઉમેદવારોને પર્યાપ્ત રોજગારીનો અવસર મળી રહે તે માટે વર્ચ્યુઅલ/ઓનલાઇન ભરતી મેળાઓનું પણ આયોજન થશે. રોજગાર વાંચ્છુ ઉમેદવારો કોઇપણ સ્થળેથી રોજગાર કચેરીઓનો ટેલીફોનીક સંપર્ક કરીને અભ્યાસલક્ષી તથા કારકિર્દીલક્ષી સચોટ અદ્યતન માર્ગદર્શન મેળવી શકે તે હેતુસર કોલ સેન્ટરનો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે મુખ્ય મંત્રી વિજયભાઇ રૂપાણીએ અમારે મન યુવા એ ન્યૂ એઇજડ વોટર નહીં, પરંતુ ન્યૂ એઇજડ પાવર છે. યુવાઓની શક્તિ પર નવા ભારતનું નિર્માણ કરવું છે. એટલા માટે રાષ્ટ્રીય યુવા દિવસથી આ અભિયાનની શરૂઆત કરીને યુવા પેઢીને રોજગાર અવસરથી સજ્જ કરી તેનેએમ્પાવર્ડ-સશક્ત બનાવવાની દિશા લીધી હોવાનું જણાવ્યું હતું. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ એપ્રન્ટિસશીપ યોજનાની પુસ્તિકાનું વિમોચન પણ કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટર આર. બી. બારડના હસ્તે રોજગારી મેળવેલ ઉમેદવારોને રોજગાર પત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઇ-લોકપર્ણ કાર્યક્રમમાં જિલ્લા રોજગાર અધિકારી પરમાર, નોડલ આઇ.ટી.આઇ.ના આચાર્ય, નોકરીદાતાઓ અને રોજગારી પ્રાપ્ત કરનાર ઉમેદવારો જોડાયા હતા.

# મહીસાગરમાં આજે ૦૧ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૨-૦૧-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૯૭૮ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૩ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૧૧ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૧૩૯૪૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૧૮ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૦ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૦ દર્દી હોમ આઇસોલેશન અને ૦૩ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૯ દર્દીઓ સ્ટેબલ અને ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

# સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી નિમિતે મોરવા હડફ માં બાઈક રેલી કડવામાં આવી



મોરવા(હ),
સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી નિમિતે આજ રોજ ભાજપના માજી ધારાસભ્ય નિમિષાબેન સુથાર તથા ભાજપના આગેવાનો દ્વારા બાઈક રેલી કાઢી હતી. બાઈક રેલીનું આયોજન કરી ને સ્વામી વિવેકાનંદનું પૂજનનું આયોજન કરી ભારતીય જનતા પાર્ટીના માજી ધારાસભ્ય નિમિષા બેન સુથાર તેમજ ભારતીય જનતા પાર્ટીનાના આગેવાનો દ્વારા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# સંતરામપુર નગરમાં સ્વામી વિવેકાનંદ જન્મ જયંતીની ઉજવણી



સંતરામપુર,
સંતરામપુર નગરમાં સ્વામી વિવેકાનંદના જન્મ જયંતિના ભાગરૂપે ભારતીય જનતા પાર્ટી દ્વારા સ્વામી વિવેકાનંદ પ્રતિમાની ફુલ હાર ચડાવવામાં આવેલા હતા અને સંતરામપુર પ્રતાપપુરા વિસ્તારથી ભુવનેશ્વરી મંદિર સુધી બાઇક રેલીનું આયોજન કરવામાં આવેલ હતું. સંતરામપુરના ધારાસભ્ય કુબેરભાઈ ડીડોર, મહિસાગર જિલ્લા પ્રમુખ દશરથ બારીયા, નગરપાલિકાના પ્રમુખ સુનીતાબેન ખાંટ, ઉપપ્રમુખ હિતેશભાઈ ઉપાધ્યાય, પ્રિતેશભાઇ ખાંટ, પાર્ટીના કાર્યકર્તાઓ આ બાઇક રેલીમાં જોડાયા હતા. સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી નિમિત્તે તેમના વિચારો વિશે સંતરામપુરના ધારાસભ્ય અને ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ એ વિશે ચર્ચાઓ કરી હતી. સોશિયલ distance સરકારના નિયમ મુજબ સંપૂર્ણ પાલન કરવામાં આવ્યું હતું અને આ કાર્યક્રમ દરમિયાન સંતરામપુર પોલીસ સ્ટાફ પી.આઈ એટી પટેલ ટ્રાફિક જમાદાર વીરાભાઈ માછી ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# ઉત્તરાયણ પર્વ દરમિયાન ગૃહ વિભાગની ગાઇડલાઇનનું પાલન કરવા મહીસાગરવાસીઓને જિલ્લા કલેકટરની અપીલ

લુણાવાડા,
આગામી તા. ૧૪ અને ૧૫મી જાન્યુઆરીના રોજ ઉત્તરાયણ તથા વાસી ઉત્તરાયણના તહેવારોની ઉજવણી કરવામાં આવનાર છે. આ તહેવારની ઉજવણી માટે ધાબા, અગાસીઓ તેમજ ખુલ્લા મેદાનોમાં મોટી સંખ્યામાં એકત્રિત થતા હોય છે. મોટી સંખ્યામાં લોકો એકત્રિત થવાથી કોરોના સંક્રમણ વધવાની શક્યતા રહેલી છે.

રાજયમાં હાલ પ્રવર્તમાન કોવિડ-૧૯ પરિસ્થિતિને ધ્યાનમાં લઇને રાજયના ગૃહ વિભાગ દ્વારા તા. ૯મી જાન્યુઆરીથી તા. ૧૭મી જાન્યુઆરી, ૨૦૨૧ સુધી કેટલીક સુચનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

રાજય સરકારના ગૃહ વિભાગ દ્વારા જે સુચનાઓ અમલમાં મૂકવામાં આવી છે તે નીચે મુજબ છે. જેમાં દર્શાવ્યા મુજબની ગાઇડલાઇનનું પાલન કરવા મહીસાગરવાસીઓને જિલ્લા કલેક્ટર આર. બી. બારડે અપીલ કરી છે. જયારે સંબંધિત અધિકારીઓને આ ગાઇડલાઇનનું પાલન થાય તે માટેની સૂચનાઓ આપવા સહિત જરૂરિયાત અનુસાર ડ્રોન તેમજ સી.સી.ટી.વી. મારફતે પણ સર્વેલન્સ કરવા અને તકેદારી રાખવા પણ જણાવ્યું છે.

(૧) કોઈપણ જાહેર સ્થળો/ખુલ્લા મેદાનો/રસ્તાઓ વગેરે પર એકત્રીત થઈ શકાશે નહી તેમજ પતંગ ચગાવી શકાશે નહી (૨) પ્રવર્તમાન મહામારીની પરિસ્થિતિમાં ઉત્તરાયણનો તહેવાર પોતાના પરિવારના નજીકના સભ્યો (close family members only) સાથે જ ઉજવવામાં આવે તે સલાહભર્યું છે. (૩) માસ્ક વિના કોઈપણ વ્યકિતને મકાન/ફલેટના ધાબા/અગાસી કે સોસાયટીના મેદાનમાં પતંગ ચગાવવાના હેતુથી એકત્રિત થઈ શકશે નહી. ત્યાં ઉપસ્થિત લોકોએ સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન અને સેનેટાઈઝરની વ્યવસ્થા ફરજિયાતપણે કરવાની રહેશે. (૪) મકાન/ફલેટના ધાબા/અગાસી કે રહેણાંક સોસાયટીના મેદાનમાં ત્યાંના રહીશ સિવાયની કોઈપણ વ્યકિતને પ્રવેશ આપવાનો રહેશે નહી. ફલેટ/રહેણાંક સોસાયટી સંબંધીત કોઈપણ સૂચના ઓના ભંગ બદલ સોસાયટી/ટના સેક્રેટરી/અધિકૃત વ્યકિતઓ જવાબદાર રહેશે અને તેઓ વિરૂધ્ધ નિયમાનુસારની કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.(૫) મકાન/ફલેટના ધાબા/અગાસી કે રહેણાંક સોસાયટીના મેદાનમાં મોટી સંખ્યામાં લોકોના એકત્રિત થવા પર પ્રતિબંધ રહેશે.(૬) મકાન/ફલેટના ધાબા/અગાસી કે સોસાયટીના મેદાનમાં લાઉડ સ્પીકર, ડી.જે. અથવા કોઈ પણ પ્રકારની મ્યુઝીક સિસ્ટમ વગાડવાથી ભીડ એકત્રિત થવાથી સોશિયલ ડિસ્ન્સીંગનો ભંગ થવાની તેમજ કોરોના સંક્રમણ વધવાની શક્યતા હોવાથી લાઉડ સ્પીકર ડી.જે. તેમજ મ્યુઝીક સિસ્ટમનો ઉપયોગ પ્રતિબંધિત રહેશે. (૭) ૬૫ વર્ષથી વધુ વયના વયસ્ક વ્યકિતઓ, અન્ય રોગોથી પીડીત વ્યકિતઓ, સગર્ભા સ્ત્રીઓ અને ૧૦ વર્ષથી ઓછી વયના વ્યકિતઓ ઘરે રહે તે સલાહભર્યું છે. (૮) કોઈપણ વ્યક્ત જાહેર જનતાની લાગણી દુભાય તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા કોઈપણ પ્રકારના લખાણો/સ્લોગન /ચિત્રો પતંગ પર લખી શકશે નહી. (૯) નામ. સુપ્રિમ કોર્ટને હાઈકોર્ટ તથા NGT ની સૂચનાઓ અન્વયે ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન, ચાઈનીઝતુક્કલ, સ્કાય લેન્ટર્ન, સિન્થેટીક/કાંચ પાયેલા માંઝા, પ્લાસ્ટીક દોરી વિગેરે પર પ્રતિબંધિતરહેશે. આ અંગે ગૃહ વિભાગના તા.૨૯.૧૨.૨૦૨૦ના પત્ર ક્રમાંકઃવિ-૨ /ડી.એસ.એમ. /૧૩૨૦૧/હા.કો.૦૨(પા.ફા.)થી અપાયેલ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે .(૧૦) જે વ્યકિતઓ રાજયમાં જુદા-જુદા સ્થળોએ આવેલ પતંગ બજાર જેવા કે અમદાવાદ શહેરમાં આવેલ રાયપુર, ટંકશાળ, નરોડા વિગેરે ની મુલાકાત લે ત્યારે Covid-19 સંબંધી દિશાનિર્દેર્શો (Protocol)નો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે અને વ્યકિતઓની સંખ્યા મર્યાદીત રહે તે માટે પોલીસ કર્મચારીઓને સહકાર આપવાનો રહેશે (૧૧) COVID-19 સંદર્ભે રાજય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા જાહેરનામા/ માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે. (૧૨) ગૃહ વિભાગના તા.૦૯.૧૦.૨૦૨૦ના હુકમ ક્રમાંક વિ-૧/કવિ/૧૦૨૦૨૦/૪૮૨થી આપવામાં આવેલ દિશાનિર્દેશોનું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

રાજય સરકારના ગૃહ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ આ સુચનાઓનું ઉલ્લંઘન કરનાર વ્યકતિ ધ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ, ૨૦૦૫ તેમજ ધ ઈન્ડીઅન પીનલ કોડ-૧૮૬૦ની જોગવાઇઓ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે તેમ પણ વધુમાં જણાવાયું છે.

# સંતરામપુર નગરમાં ઉત્તરાયણ પર્વની પૂરજોશમાં તૈયારી



સંતરામપુર,
સંતરામપુર નગરમાં ઉત્તરાયણના બે દિવસ બાકી છે. જેમ દિવસ નજીક આવે આવે છે. પતંગ રસિયાઓ બજારોમાં પતંગની ખરીદી અને પતંગની દોરી ઉપર માંજો ચડાવવા માટે પતંગ રસિયાઓ સંતરામપુર નગરમાં ઉમટી પડચા હતા. સંતરામપુરના પતંગ દોરીની દુકાન ઉપર ભીડ જોવા મળી હતી. ચકેડા ઓ આખો દિવસ સતત ચાલુ રહેતા હતા ગયા વર્ષ કરતાં આ વખતે પતંગ દોરી માં ભાવમાં પણ ઉછાળો જોવા મળ્યો હતો.

# સંતરામપુર સ્કુલોમાં અભ્યાસ શરૂ થતાં વિદ્યાર્થીઓમાં ઉત્સાહ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર જે.એચ.મહેતા હાઈસ્કુલમાં અને સંતરામપુરની તમામ સ્કૂલોમાં વિદ્યાર્થીઓનું અભ્યાસક્રમ શરૂ કરાયો. કોરોનાની મહામારી વચ્ચે આજે દસ મહિના પછી ધોરણ-૧૧ અને ૧૨ ૧૦ વિદ્યાર્થીઓ હાઈસ્કૂલમાં આવી પહોંચ્યા હતા. સરકારની ગાઈડ લાઈન મુજબ વિદ્યાર્થીઓને સેનીટાઇઝર માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સ તમામની સુચના આપવામાં આવેલી અને તમામ વિદ્યાર્થીઓને સરકારની ગાઈડ લાઈન મુજબ પાલન કરવા માટેની માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. સ્કૂલમાં વિદ્યાર્થીઓને અભ્યાસ ચાલુ થતા ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૩-૦૧-૨૦૨૧, બુધવાર, માગશર વદ-અમાસ, સૂર્યોદય-૭-૩૦, સૂર્યાસ્ત-૬-૨૦, જૈન નવકારશી-૮-૧૮, આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ ઉત્તરાષાઢા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૭-૩૦ થી લાભ-અમૃત-૧૦-૧૩ સુધી, ૧૧-૩૪થી શુભ-૧૨-૫૬ સુધી, ૧૫-૩૯થી ચલ-લાભ-૧૮-૨૧ સુધી, ૨૦-૦૦ શુભ-અમૃત-ચલ-૨૪-૫૬ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૩૦થી ૯-૧૯થી સુધી, ૧૦-૧૩થી ૧૧-૦૭ સુધી, ૧૨-૫૬થી ૧૫-૩૯ સુધી, ૧૬-૩૩ થી ૧૭-૨૭ સુધી |

# દાહોદના પતંગ બજારને કોરોનાનું ગ્રહણ લાગ્યું પતંગ દોરીના ધંધામાં મંદી



દાહોદ,
ઉત્તરાયણને હવે ગણતરીના એક-બે દિવસ બાકી રહ્યા છે. ત્યારે જાણે ઉત્તરાયણ પર્વને પણ કોરોના ગ્રહણ લાગી રહ્યું છે તેમ પ્રતિત થઈ રહ્યું છે. હાલ દાહોદના પતંગ બજારોમાં દર વર્ષની માફક ભીડ જોવા મળતી નથી. પતંગ, દોરાના વ્યાપરમાં પણ મંદી જોવા મળી રહી છે. લગભગ ઉત્તરાયણના એક દિવસ પહેલા એટલે કે, ૧૩ જાન્યુઆરીના રોજ કદાચ બજારમાં પતંગ,દોરીની ખરીદી જોવા મળી શકે તેમ લાગી રહ્યું છે.

દાહોદ શહેર સહિત જિલ્લાવાસીઓ દરેક તહેવારની રંગેચંગે ઉજવણી કરતાં હોય છે અને તેમાંય ખાસ કરીને દિવાળી અને ઉત્તરાયણના તહેવારોની તો મજા જ કંઈક અલગ હોય છે. આ બંન્ને તહેવારોને જિલ્લાવાસીઓ દર વર્ષે ધામધૂમ પૂર્વક ઉત્સાહભેર ઉજવણી કરતાં આવ્યા છે , પરંતું ૨૦૨૦ના વર્ષમાં કોરોનાકાળનું ગ્રહણ લાગતાં એક પછી એક તમામ નાના મોટા તહેવારોની ઉજવણી ફીક્કી પડી હતી. પરિસ્થિતિને પણ ધ્યાનમાં રાખી અને કોરોના કાળમાં સ્વાસ્થ્યની ચિંતા કરી જિલ્લાવાસીઓએ પણ તમામ સ્તરે કોરોના ગાઈડલાઈનનું પાલન કર્યું જ છે. વાત કરીએ હવે ઉત્તરાયણ પર્વની તો દાહોદ શહેર સહિત જિલ્લાના પતંગ,દોરી બજારોમાં દર વર્ષ જેવી ભીડભાડ અને ઘરાકી જોવા મળતી હતી તેવો માહોલ હાલ જોવાતો નથી. દર વર્ષે ઉત્તરાયણના ૧૫ દિવસ પહેલા જ બજારમાં ભીડ જોવા મળી જતી હતી અને ઉત્તરાયણના એક મહિના પહેલા અને ૧૫ દિવસ પહેલા તો પતંગો પણ ચગતી જોવા મળતી હતી પરંતુ હાલના માહોલમાં તો ન તો આકાશમાં પતંગો જો મળતી રહી છે અને ન તો બજારમાં તેજી. આવા સમયે પતંગ, દોરાનું વેચાણ કરતાં વેપારીઓ પાસેથી જાણવા મળ્યા અનુસાર, આ વર્ષે મહંદ અંશે પતંગ, દોરીના ભાવોમાં પણ વધારો થયો છે. સાથો સાથે ઘરાકી પણ હોવી જોઈએ એટલી નથી પરંતુ ઉત્તરાયણના એક દિવસ પહેલા કદાચ ઘરાકી જોવા મળશે તેવી વેપારીઓ દ્વારા આશા વ્યક્ત કરાઈ રહી છે. બીજી તરફ રાજ્ય સરકાર દ્વારા ઉત્તરાયણ પર્વને અનુલક્ષીની કોરોના વધુ ન વકરે તે માટે ગાઈડલાઈન પણ જાહેર કરવામાં આવી છે. પોત પોતાના ધાબા ઉપર રહી, એપાર્ટમેન્ટ કે બીજા જાહેર સ્થળોએ એકઠા ન થવા તેમજ એકબીજાના ધાબા ઉપર બહારની સોસાયટી બીજા લોકોને એન્ટ્રી ન આપવાની સુચનાઓ પણ કરી દેવામાં આવી છે તેમજ ડી.જે. ઉપર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ નિયમો સાથે ઉત્તરાયણ પર્વની ઉજવણી કરવા હાલ તો દાહોદ શહેરવાસીઓ મક્કમ બન્યા છે.

# માર્ગ અકસ્માતના નાણાં મેળવવા બે ઈસમો એ એક વ્યકિતનું અપહરણ કરી ૫૦ હજારની ખંડણી માંગતા ફરિયાદ

દાહોદ,
માર્ગ અકસ્માત થતાં તેના લાભના નાણાં મેળવાના ઈરાદે બે જેટલા ઈસમોએ એકનું અપહરણ કરી લઈ નાસી જઈ રૂા.૫૦ હજારની ખંડણીની માંગણી કરતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળી રહ્યું છે. દાહોદ તાલુકાના હીમાલા અને કોટડાખુર્દ ગામે રહેતા વિકાસભાઈ કમલાભાઈ ડામોર અને સંજયભાઈ બચુભાઈ ડામોરનાએ ગત તા.૧૦મી જાન્યુઆરીના રોજ જુનાગઢ જિલ્લામાં રહેતા ભરતભાઈ કાનાભાઈ ગરેજા અને જયદીપભાઈ શકિતદાન ગઢવીનાઓની ટ્રકથી એકસીડેન્ટ થયેલ હોય જેનો લાભ લઈ નાણાં પડાવવાના ઈરાદાથી જયદીપભાઈ શકિતદાન ગઢવીને વિકાસભાઈ અને સંજયભાઈએ પોતાના કબજાની મોટરસાઈકલ પર બેસાડી અપહરણ કરી લઈ નાસી ગયા હતાં અને જયદીપભાઈને છોડવવા માટે ભાવેશબાઈ જીતુભાઈ ડાંગરને ફોન કરી રૂા.૫૦,૦૦૦ ની માંગણી કરતાં આ સંબંધે ભરતભાઈ કાનાભાઈ ગરેજા દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દે.બારીઆ સર્કલ બજારમાં વાલ્વ માટે ખોદેલા ખાડા કયારે પૂરાશે ?


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,
દેવગઢ બારીઆના વિકટરી સર્કલ બજારમાં પાણીના માટે અલગ અલગ વિસ્તારોમાં પાણી પુરવઠો સપ્લાય કરાતા વાલ્વની કુંડી પાડી કરવા માટે ખોદ કાર્ય લગભગ એક સપ્તાહ થી કર્યું છે. આ મેન રોડ ઉપર ખોદ કાર્ય કરી હવે ગોકુળગતિ એ કાર્ય ક્યારે પુરુ થશે ?

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરની વચ્ચોવચ વિકટરી સર્કલમાં નગર પાલિકા હસ્તક પાણી પુરવઠા શાખાના દ્વારા વાલ્વ માટે આને પાકી કુંડીનું કાર્યના મસમોટા ખાડા એક સપ્લાટનો સમય વિતવા આવેલ તેમ છતાં કાર્ય પુરું થયું નથી. તેમજ આ ખાડાની આજુબાજુ કોઈ ચિન્હને બોર્ડે અથવા સાંકેતિક માટે લાલ ઝંડી પણ મૂકવામાં આવી નથી. મરકસક્રાંતિનું પર્વ બે દિવસમાં આવે છે. પતંગ લુંટવા કોઈ બાળક આ ખાડાઓમાં ખાબકશે તો કોની જવાબદારી રહેશે તે યક્ષ પ્રશ્ન છે. જેતે જવાબદાર પાણી પુરવઠા શાખા ઈજનેર આ ખાડાની આજુબાજુ સાંકેતિક કાર્ય માટે બોર્ડ મુકે તેમજ એક રીબીન બાંધીને ખાડાની ચારેબાજુ આડ કરાશે ખરી કે પછી કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોવાઈ રહી છે. જનતામાં ગણગણાટ છે.

## દૈનિક રાશીફળ

તા.૧૩.૦૧.૨૦૨૧ બુધવાર

મેષ (અ.લ.ઈ.) :- દિવસ દરમ્યાન કર્મચારી વર્ગનો સહકાર રહેશે સગાઈ કે લગ્નના કાર્યમાં સફળતા રહે.
વૃષભ (બ.વ.ઉ.) :- સમાજમાં પ્રતિષ્ઠા વધવાની સપરિવાર પ્રવાસનુ આયોજન થાય. નોકરીમાં અનુકુળતા વધવાની.
મિથુન (ક.છ.ઘ.) :- ભાઈ બહેનો સાથે વ્યવસાય બાબત ચર્ચા થાય મિલ્કતની વેચાણ બાબત ઉતાવળ ન કરવી.
કર્ક (ડ.હ.) :- સગાઈ કે લગ્નના કાર્યમાં અનુકુળતા રહેવાની સંતાનોની પ્રગતિ ગુસ્સાને કાબુમાં રાખજો
સિંહ (મ.ટ.) :- ભાગીદારોને સહકાર દેજો ખર્ચ ઉપર કાબુ જરૂરી ભાઈ-બહેનો સાથે મતભેદો ટાળવા
કન્યા (પ.ઠ.ણ.) :- વિદેશ જવાની તક મલે. નોકરીમાં બદલીના ચાન્સ શેર સટ્ટામાં નિર્ણયો મહત્વના રહે.
તુલા (ર.ત.) :- વડીલો પાર્જીત જલીન મકાનના કાર્યોમાં ઉતાવળ ન કરવી આત્મવિશ્વાસ જાળવી રાખજો રોમાન્સમાં સફળતા મલવાની.
વૃશ્ચિક (ન.ય.) :- પરિવારના સભ્યોની જરૂરીયાતોમાં વધારો થવાનો આવક વધારવા વધુ મહેનત કરવી પડશે. રાજકીય લાભ મલવાનો.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- માનસિક તનાવનો સામનો રહેવાનો નજીકમાં વ્યકિતઓ સાથે દલીલબાજીથી દૂર રહેજો નોકરીમાં લાભ રેહવાનો.
મકર (ખ.જ.) :- વ્યવસાયમાં સફળતા માટે કોમ્યુનિકશન તરફ ધ્યાન આપજો બીજાની સલામથી જાળવજો ધાર્મિક કાર્યમાં સફળતા.
કુંભ (ગ.શ.સ.) :- જુના કર્જના પ્રશ્નો ઉપર ધ્યાન દેવાથી સફળતા મલવાની મહત્વની વ્યકિતની મુલાકાત થાય. આત્મવિશ્વાસ વધે.
મીન (દ.ચ.ઝ.) :- વધુ પડતા કાર્યભાર હીતાવહ નથી નોકરીમાં કર્મચારી વર્ગને સહકાર દેજો કોર્ટ કેસના પ્રશ્નોથી દૂર રહેજો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 121



# સફળતાના સેતુને રસ્તાનું કામ ગુજરાત સરકારે કર્યું વિકાસનું બાંધકામ

## ગુજરાતમાં માર્ગ વિકાસ બન્યો, રાજ્યના સામાજિક, આર્થિક, શૈક્ષણિક વિકાસનો મજબૂત પાયો

## આ રહી સમૃદ્ધિના માર્ગે દોરી જતી દિશાઓ...


### મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાઃ ગામડાઓના વિકાસની આધારશીલા

- આ યોજના હેઠળ પાછલા ૫ વર્ષમાં ૫૨૯૪૧ કિ.મી. લંબાઈના ૨૦૨૬૩ કામો મંજૂર, રૂ.૧૬૭૧૩ કરોડ મંજૂર થયા
- જે પૈકી ૨૭૦૬૪ કિ.મી. લંબાઈના ૧૦૩૯૯ રસ્તાઓનું કામ પાછલા ૫ વર્ષમાં રૂ.૬૮૩૫ કરોડના ખર્ચે પૂર્ણ
- રૂ.૧,૬૭૧ કરોડના ૬૬૧૬ કિ.મી. લંબાઈના ૨૭૦૫ રસ્તાઓના કામો પ્રગતિમાં



### પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાઃ ગ્રામ્ય વિસ્તાર મજબૂત, તો દેશ મજબૂત

- ગ્રામ્ય વિસ્તારના કુલ ૧૨૭૨૮ કિ.મી. લંબાઈના ૪૫૭૧ રસ્તાઓના બાંધકામ, સુધારણા, મજબૂતીકરણની કામગીરી રૂ.૩૩૭૬.૨૫ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે
- ગ્રામ્ય વિસ્તારના કુલ ૩૦૧૬ કિ.મી. લંબાઈના ૩૦૪ રસ્તાઓ પહોળા તથા મજબૂત કરવા માટેના કામો રૂ.૧૭૫૦.૬૨ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે
- ચાલુ વર્ષે રૂ.૧૭૯૦ કરોડના કામો હાથ ધરવામાં આવશે



## ગુજરાતમાં રસ્તાઓ ખોલી રહ્યા છે વિકાસના રસ્તા...

### રેલ્વે ઓવરબ્રિજઃ ફાટકમુક્ત ગુજરાતનો સંકલ્પ

- રૂ.૮૭૩.૦૯ કરોડના ખર્ચે ૨૯ રેલ્વે ઓવરબ્રિજનું પાછલા ૫ વર્ષમાં નિર્માણ કરાયું
- રૂ.૩૨૫૬.૮૩ કરોડના ખર્ચે ૭૫ રેલ્વે ઓવરબ્રિજનું કામ પ્રગતિમાં
- રાજ્યમાં બીજા ૬૮ રેલ્વે ઓવરબ્રિજ માટે રૂ.૩૪૦૦ કરોડ મંજૂર કર્યા



### સ્ટેટ હાઈ-વેઃ સલામતી, સુરક્ષા અને ઝડપનો સમન્વય

- ૩૩૫૬ કિ.મી. લંબાઈના રાજ્ય માર્ગોને રૂ.૬૨૬૨ કરોડના ખર્ચે પાછલા ૫ વર્ષમાં ૬ માર્ગીય, ૪ માર્ગીય, ૧૦ મી., ૭ મી. પહોળા કર્યા
- ૨૬૫૬ કિ.મી. લંબાઈના રસ્તાઓને ૬ માર્ગીય, ૪ માર્ગીય, ૧૦ મી., ૭ મી. પહોળા કરવાની કામગીરી પ્રગતિમાં



### નેશનલ હાઈવેઃ રાષ્ટ્રીય વિકાસના રાજમાર્ગો

- ૧૦૦૭.૨૮ કિ.મી. લાંબા નેશનલ હાઈવેનું પાછલા ૫ વર્ષમાં રૂ.૫૦૦૧.૬૬ કરોડના ખર્ચે માર્ગ અને મકાન વિભાગ દ્વારા નિર્માણ કરાયું



### પુલ અને ફલાયઓવરઃ સર્વાંગીણ વિકાસનું અતૂટ જોડાણ

- છેલ્લા ૫ વર્ષમાં ૬૭ મોટા પુલોનું રૂ.૪૬૩ કરોડનાં ખર્ચે કરાયું નિર્માણ
- રાજ્યમાં રૂ.૧૦૪૪ કરોડના ખર્ચે ૪૪ મોટા પુલોના કામો પ્રગતિમાં
- રાજ્યના ભારે ટ્રાફિકવાળા વિવિધ ૧૨ જંકશન ઉપર રૂ.૮૦૩ કરોડના ખર્ચે ૧૨ પુલોના કામો મંજૂર-આયોજન હેઠળ

### યાત્રાધામોઃ વાહન સાથે યાત્રાળુઓની પણ સલામતી

- પવિત્ર યાત્રાધામો ડાકોર, અંબાજી, પાલીતાણા અને પાવાગઢને જોડતા કુલ ૩૭૧ કિ.મી. રસ્તાઓની લંબાઈને અંદાજીત રૂ.૧૪૫૨ કરોડના ખર્ચે પદયાત્રીઓને ચાલવાની સુવિધા સહિત ચાર માર્ગીય કરવા મંજૂરી
- ૩૨૭.૪૦ કિ.મી. લંબાઈની કામગીરી પૂર્ણ, ૪૩.૬૦ કિ.મી. લંબાઈની કામગીરી પ્રગતિમાં
- અમદાવાદ - શંખેશ્વર રસ્તા પર રૂ.૧૬ કરોડના ખર્ચે પગદંડીનું નિર્માણ પ્રગતિમાં
- વધુમાં, આ રસ્તાઓ પર પદયાત્રીઓની સલામતી અને સુવિધા માટે પગદંડીનો સમાવેશ



## નિર્ણાયક નેતા, મજબૂત સરકાર

ગુજરાત સરકારની આધુનિક પરિવહન વ્યવસ્થાઓના કારણે રાજ્યના સર્વાંગીણ વિકાસને વેગ મળી રહ્યો છે.

– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત


# રોજગારવાંચ્છુ યુવાનો માટે કોલ સેન્ટરનો પ્રારંભ, ફોન કરવાથી રોજગારી અંગે માર્ગદર્શન મળશે



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

રાષ્ટ્રીય યુવા દિન નિમિત્તે રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા રોજગારવાંચ્છુ યુવાનો માટે એક નવી સુવિધા શરૂ કરવામાં આવી છે. વિભાગ દ્વારા કોલ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં ફોન કરવાથી દાહોદ જિલ્લામાં ઉપલબ્ધ રોજગારીની તકો વિશે માહિતી મળશે. ગાંધીનગરથી મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ આ સેવાનો પ્રારંભ કરાવ્યો તેમાં કલેક્ટર વિજય ખરાડી પણ જોડાયા હતા.

દેશભરમાં ગુજરાતની આ નવતર પહેલમાં રાજ્યનો કોઇ પણ યુવાન આ કોલ સેન્ટરનો એક કોલ નંબર ૬૩–૫૭–૩૯૦–૩૯૦ ડાયલ કરીને રાજ્યના કોઇ પણ જિલ્લાની અભ્યાસલક્ષી, રોજગારલક્ષી અને સરકારની યુવાલક્ષી સહિતની યોજનાઓની માહિતી મેળવી શકશે. રાજ્યના શ્રમ રોજગાર વિભાગના રોજગાર તાલીમ નિયામક કચેરી દ્વારા આ નવતર પહેલ સાથે મુખ્યમંત્રીએ ઓનલાઇન ભરતી મેળા પખવાડીયું (૧૨ જાન્યુઆરીથી ૨૫ જાન્યુઆરી)નો પણ પ્રારંભ કરાવ્યો હતો. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, હર હાથ કો કામ હર ખેતકો પાનીનું સૂત્ર સાકાર કરીને દરેક વ્યક્તિને યોગ્ય કામ મળે અને તેના થકી જી.ડી.પી. વધે તે દિશામાં રાજ્ય સરકાર આગળ વધી રહી છે. દરેક યુવાનોને રોજગારી પ્રાપ્ત થાય તેવા ઉમદા હેતુથી આપણે ૧૨મી જાન્યુઆરીથી ૨૫ જાન્યુઆરી સુધી ઓનલાઇન ભરતીમેળા પખવાડિયાનું આયોજન કર્યું છે એમ તેમણે ઉમેર્યું હતું. આ ઓનલાઇન ભરતી મેળામાં ૨૫,૦૦૦ જેટલા યુવાનોને રોજગારીનો અવસર પ્રાપ્ત થશે તેવો વિશ્વાસ પણ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ આત્મનિર્ભર ભારતનો જે કોલ આપ્યો છે, તેને સાકાર કરવા આવા રોજગાર મેળાનું આયોજન કરીને તેમજ યુવાનોને જોબ સિકર નહીં જોબ ગિવર બનાવવાની આપણી નેમ છે.

અમારે મન યુવા એ ન્યૂ એઇજડ વોટર નહીં, પરંતુ ન્યૂ એઇજડ પાવર છે. યુવાઓની શક્તિ પર નવા ભારતનું નિર્માણ કરવું છે. એટલા માટે રાષ્ટ્રીય યુવા દિવસથી આ અભિયાનની શરૂઆત કરીને યુવા પેઢીને રોજગાર અવસરથી સજ્જ કરી તેને એમ્પાવર્ડ–સશક્ત બનાવવાની દિશા લીધી છે એમ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. શ્રમ અને રોજગાર મંત્રી દિલીપભાઇ ઠાકોરે જણાવ્યું કે, રોજગાર સેતુ પ્રોજેક્ટની વિશેષતા એ છે કે, દેશમાં પ્રથમવાર રોજગાર સેતુ કોલ સેન્ટરના માધ્યમથી જિલ્લા રોજગાર કચેરી સાથે ઉમેદવાર સીધો સંવાદ કરશે.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, રાજ્યનો કોઇપણ ઉમેદવાર એક સિંગલ નંબર ૬૩–૫૭–૩૯૦–૩૯૦ ડાયલ કરતાની સાથે જ માહિતી મેળવી શકશે. એટલું જ નહીં કોલ સમાપ્ત થયા બાદ એસ.એમ.એસ.ના માધ્યમથી રોજગાર કચેરીની વિગતો પણ ઉમેદવારને મોકલવામાં આવશે. રોજગાર તાલીમ નિયામક આલોક પાંડેએ મુખ્યમંત્રી સમક્ષ પ્રેઝન્ટેશન દ્વારા નવી યોજનાઓની વિગતવાર માહિતી આપી હતી. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ એપ્રન્ટિસશીપ યોજનાની પુસ્તિકાનું વિમોચન પણ કર્યું હતું. આ પ્રસંગે દાહોદ ખાતે આઇટીઆઇના આચાર્ય કૌશિક કણઝારિયા સહિત નોકરીદાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ફિટ ઈન્ડિયા રાજયકક્ષાની યુવા ચિત્રકલા સ્પર્ધા

દાહોદ,

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની કચેરી તથા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી દાહોદ દ્વારા સંયુક્ત રીતે ‘‘ફિટ ઈન્ડિયા’’ કાર્યક્રમ અંતર્ગત એક ચિત્ર સ્પર્ધા યોજવામાં આવશે. જેમાં ૧૮ થી ૨૫ વર્ષના યુવાનો ભાગ લઈ શકશે. સ્પર્ધક A4 સાઈઝના ડ્રોઈંગ પેપર પર ‘‘ફિટ ઈન્ડિયા’’ વિષય પર પોતાની કૃતિ તૈયાર કરી તેને માઉન્ટીંગ કરાવીને તથા કૃત્તિની પાછળ સ્પર્ધકનું નામ, સરનામું, મો.નં., ઈ–મેઈલ આઈ.ડી. જેવી વિગતો ભરીને તા.૩૦/૦૧/૨૦૨૧ સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દાહોદ, જિલ્લા સેવા સદન કમ્પાઉંડ, જિલ્લા સરવે ભવન, પ્રથમ માળ, કોંફરંસ હોલ, છાપરી, તા–જિ–દાહોદ ખાતે બપોરે ૧૨.૦૦ કલાક સુધીમાં મોકલવાની રહેશે. તથા કૃત્તિની સાથે સ્પર્ધકે પોતાના ઉંમરના પુરાવા તરીકે (આધારકાર્ડ/ચૂંટણીકાર્ડ/પાનકાર્ડ/ડ્રાઈવીંગ લાઈસન્સ)ની નકલ પણ આપવાની રહેશે. ત્યારબાદ આ કૃત્તિઓમાંથી ૧૦ કૃત્તિઓ પસંદ કરવામાં આવશે અને તા.૧૧/૦૨/૨૦૨૧ના રોજ જે–તે જિલ્લાના જિલ્લા રમતગમત અધિકારીની કચેરી ખાતે આ પસંદગી પામેલ ૧૦ કલાકારો વચ્ચેની રાજયકક્ષાની ચિત્ર સ્પર્ધામાંથી પ્રથમ વિજેતાને રૂ.૧૦,૦૦૦/–, દ્વિતીય વિજેતાને રૂ.૭૫૦૦/– તથા તૃતીય વિજેતાને રૂ.૫૦૦૦/– એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ.૨૫૦૦/–(પ્રત્યેકને) મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે.

# દાહોદ APMC ખાતે જીલ્લા મીડીયાનો વર્કશોપ કાર્યક્રમ યોજાયો

દાહોદ,

કેન્દ્ર, ગુજરાતની સરકાર છેવાડાના માનવીઓની ચિતા કરનારી સરકાર છે :–સંજીવ પંચોલી મીડીયા કન્વીનચર મધ્ય ગુજરાત.

દાહોદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ના હોલ ખાતે આજરોજ પ્રદેશ મીડીયાના નેતાઓની હાજરી મા દાહોદ જીલ્લા ભાજપ મીડીયાનો વર્કશોપ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મધ્યગુજરાત મીડીયાના કન્વીનચર સંજીવભાઇ પંચોલી, મધ્યગુજરાતના મીડીયા પ્રવકતા કેયુરભાઈ રોકડીયા, દાહોદ મીડીયાના કન્વીનચર મુન્નાભાઈ સહ કન્વીનચર રીતેષભાઈ પટેલ, નિલમભાઈ શેઠ, નીલભાઇ સોની સહિત આઠ તાલુકાના મીડીયા કન્વીન્રો સહ કન્વીચરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્મની શરૂઆત દીપ પ્રગટાવી વંદેમાતરમનું ગાન કરી કરાઈ હતી. તાલુકા જીલ્લા પંચાયતની ચુંટણીને અનુલક્ષીને યોજાયેલ વર્કશોપમાં પ્રદેશ ના નેતાઓ દ્વારા માર્ગદર્શન આપવામા આવ્યું હતું. મધ્યગુજરાતના મીડીયા કન્વીનચર સંજીવ પંચોલીએ ગુજરાત અને દેશ મા મોદીના શાસન વાળી સરકાર હોવાથી શુસાન ની સાથે દેશનો સર્વાંગી વિકાસ થયો હોવાનુ જણાવી ભાજપનુ વાતાવરણ ચાલી રહ્યુ હોવાનું કહી આ વખતે પણ લોકો સુધી પહોચી સરકાર ના કામો ગણાવી ભાજપનો ભગવો લહેરાવવા કાર્યકરોને હાકલ કરી હતી. પ્રવકતા કેયુરભાઈ રોકડીયાએ કેન્દ્ર સરકાર થી લઇને ગુજરાત સરકાર ની બધી જ યોજનાઓ કાર્યકરો સમક્ષ ડેટા વાઇઝ મૂકી તનતોડ મહેનત કરી તાલુકા પંચાયત જીલ્લા પંચાયતની ચુંટણીમાં મોદી ગુજરાતની રૂપાણી સરકારના કામો ગણાવી લોકો સમક્ષ જવા આહવાન કયુ હતું.

# ફતેપુરા અને સંજેલી તાલુકામાં ૩૫ કરોડના ખર્ચે બનેલ વિકાસના કામોનું લોકાર્પણ સાંસદ દ્વારા કરાયું

ફતેપુરા,

ફતેપુરા, સંજેલી તાલુકામાં દાહોદ સાસંદે જસવતસિહ ભાભોરે ૩૫ કરોડના ખર્ચે નવિન બનનાર રસ્તા, બ્રીજ, પંચાયત માટે ખાત મૂર્હત લોકોપણના કામો કર્યા.

સંજેલી તાલુકામા નવિન રસ્તા, બ્રીજ, પંચાયત સહિતના ૩૫ કરોડના કામો માટે સાસંદે જસવતસિહ ભાભોરે ખાતમૂર્હત ભુમિપૂજન લોકાપર્ણના કાર્યો કર્યા હતા. આ પ્રસંગે પ્રદેશ મંત્રી કૈલાશબેન પરમાર, ભાજપ પ્રમુખ શંકરભાઇ આમલીયાર, ધારાસભ્ય રમેશભાઇ કટારા, સભ્ય રીતેષભાઆ પટેલ, પ્રફુલભાઇ ડામોર, રમેશભાઇ તેરસીગભાઇ કટારા, ચુનીલાલભાઇ ચરપોટ, સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. સાસંદે કાર્યક્રમમાં લોકો ને સંબોધી જણાવ્યું હતુ ભાજપની સરકારે લોકોના તમામ પ્રકાર ના કામો કરી છેવાડાના માનવીનો વિકાસ કર્યો છે. ભાજપની સરકાર આદિવાસીઓની ચિંતા કરનારી સરકાર છે સાથે પોતે પણ લોકોના કામો માટે ચોવીસ કલાક ઉપસ્થિત હોવાનુ જણાવી ક્રોગ્રેસની સરકાર દરમિયાન વિકાસ કાયો ન થયા હોવાનુ કહી ભાજપની સરકાર મા લોકોનો સર્વાંગી વિકાસ થયો હોવાનું કહી તાલુકા પંચાયત જીલ્લા પંચાયતમાં જંગી બહુમતીથી ભાજપ ઉમેદવારોને જીતાડી ભગવો લહેરાવા હાંકલ કરી હતી.

# દે.બારીઆના કુવા ધાટી ગામેની સગીરાને લગ્નની લાલચે ભગાડી જતાં ફરિયાદ

દે.બારીઆ,

દેવગઢ બારીઆ તાલુકાના કુવા ઘાટી ફળિયા ગામેથી એક ૧૩ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચ આપી એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળી રહ્યું છે. વિક્રમભાઈ ગોરાભાઈ નાયક દ્વારા ગત તા.૧૫મી નવેમ્બરના રોજ દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક ૧૩ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવાના ઈરાદે અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દાહોદના ગલાલીયાવાડ ગામેથી બાઈકની ચોરી

દાહોદ,

દાહોદ તાલુકાના ગલાલીયાવાડ ગામેથી ઘરના આંગણે લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલની ઉઠાંતરી થયાનું જાણવા મળી રહ્યું છે.

ગલાલીયાવાડ ગામે ઝોલા ફળિયામાં રહેતા અતુલકુમાર ગોપાળભાઈ બારીયાએ ગત તા.૦૯મી જાન્યુઆરીના રોજ પોતાની મોટરસાઈકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે અતુલકુમાર ગોપાળભાઈ બારીયાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## પંચમહાલ જીલ્લામાં આરોગ્ય વિભાગમાં આઉટ સોર્સીંગ કર્મચારીઓને

# બે માસથી વેતન ન ચુકવતા કર્મચારીઓ દ્વારા જીલ્લા પંચાયત ખાતે હોબાળો



ગોધરા, પંચમહાલ જીલ્લામાં એમપીએચડબલ્યુ તરીકે ફરજ બજાવતા આઉટ સોર્સીંગ એજન્સી દ્વારા બે માસ ઉપરાંતના સમયથી વેતન ચુકવવામાં આવ્યું ન હોય જેને લઈ આઉટ સોર્સીંગ એજન્સીના આરોગ્ય કર્મચારીઓ દ્વારા ગોધરા જીલ્લા પંચાયત ખાતે હોબાળો મચાવ્યો હતો.

પંચમહાલ જીલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ફરજ બજાવતા આઉટ સોર્સીંગ કર્મચારીઓને બે મહિના ઉપરાંતથી વેતન ચુકવવામાં આવ્યું નથી. આઉટ સોર્સીંગ એજન્સી થકી ફરજ બજાવતા કર્મચારીઓને વેતન નહિ ચુકવાતા આર્થિક સંકળામણ વેઠી રહ્યા છે. આજરોજ પંચમહાલ જીલ્લામાં પી.એચ.સી. કેન્દ્રો ઉપર આઉટ સોર્સીંગથી ફરજ બજાવતા કર્મચારી પગાર નહિ ચુકવતા ગોધરા જીલ્લા પંચાયત ખાતે આવ્યા હતા. ત્યારે આઉટ સોર્સીંગ એજન્સી દ્વારા કર્મચારીઓને નોકરી માંથી છુટા કરી દેવાની ધમકી ઉચ્ચારવામાં આવી હતી. જેને લઈ આઉટ સોર્સીંગ એજન્સી થકી ફરજ બજાવતા કર્મચારીઓએ હોબાળો મચાવ્યો હતો અને આરોગ્ય કર્મચારીઓ દ્વારા આઉટ સોર્સીંગ એજન્સીના કર્મચારીઓનો ઘેરાવો કર્યો હતો.

પંચમહાલ જીલ્લામાં પી.એચ.સી. કેન્દ્ર અને આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા આઉટ સોર્સીંગ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. કોરોના જેવી મહામારીઓ પણ આ કર્મચારીઓ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી છે. તેવા કર્મચારીઓને બે મહિનાથી વેતન ચુકવવામાં આવ્યું ન હોય તે બાબતે રજુઆત માટે ગોધરા જીલ્લા પંચાયત ખાતે આવ્યા હોય ત્યારે આઉટ સોર્સીંગ કર્મચારીઓને વેતન સમયસર મળી જશે. તેવી હૈયાધારણા આપવાની જગ્યાએ નોકરી માંથી છુટા કરવાની ધમકી ઉચ્ચારવામાં આવી.

### આઉટ સોર્સીંગ કર્મચારીઓને નોકરીમાંથી છુટા કરવાની અપાઇ ધમકી

રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા આઉટ સોર્સીંગના તમામ કર્મચારીઓના બેંક ખાતા ખોલી પગાર ને ખાતામાં જમા કરાવવા ગત નવેમ્બર માસમાં જીલ્લા આરોગ્ય વિભાગને આદેશ કરાયો હતો. ૩ મહિના થવા આવ્યા છતાં ખાતા ન ખોલાવતા ૩૦૦ આઉટ સોર્સીંગ કર્મચારીઓ પગારથી વંચિત છે.

પંચમહાલ જીલ્લાના પી.એચ.સી. કેન્દ્રોમાં ૩૦૦ ઉપરાંત આઉસ સોર્સીંગ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. આ કર્મચારીઓને છેલ્લા બે માસથી વેતન ચુકવવામાં નહિ આવતાં જીલ્લા પંચાયત ગોધરા ખાતે રજુઆત કરવા આવ્યા હતા. ત્યારે જીલ્લા વિકાસ અધિકારી દ્વારા આઉટ સોર્સીંગ કર્મચારીઓને મીઠી ધમકી આપી હતી કે પગાર તો ૧૦ દિવસમાં થઈ જશે પણ આવી રીતે રજુઆત કરશો તો આઉટ સોર્સીંગ એજન્સી દ્વારા બીજા કર્મચારી મૂકવામાં આવશે તો શું કરશો તેમ જાણતાં આઉટ સોર્સીંગ કર્મચારીઓએ હોબાળો મચાવ્યો.

## મોરવા(હ)ના વેજમા ગામે ખેતરમાં સંતાડી રાખેલ ૨.૪૯ લાખનો દારૂ ઝડપ્યો



તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

મોરવા(હ), મોરવા(હ) તાલુકાના વેજમા ગામે હડફ નદીના કિનારે આવેલ ખેતરની ઓરડીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન બીય ઈંગ્લીશ દારૂ કિંમત ૨,૪૯,૪૮૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના વેજમા ગામે વણકર ફળીયામાં રહેતા દિનેશભાઈ હિરાભાઈ વણકર ઈંગ્લીશ દારૂનો જથ્થો મોટાપ્રમાણમાં મંગાવેલ છે અને વેજમા ગામે રહેતા દિપસિંહ ઉર્ફે દિલીપ બકુભાઈ બારીયાના હડફ નદી કિનારે આવેલ ખેતરની ઓરડીમાં સંતાડી રાખેલ છે. તેવી બાતમી એલ.સી.બી. પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે રેડ કરતાં ઓરડીમાં સંતાડી રાખેલ માઉન્ટન ૬૦૦૦સુપર સ્ટ્રોંગ બીયર પેટી નંગ–૪૫ અને રોયલ સીલેકટર વ્હીસ્કીના કવાટરીયા પેટી નંગ–૩૬ કિંમત ૨,૪૯,૪૮૦/– રૂપીયાના મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. પોલીસની રેડ દરમ્યાન દિનેશ હિરાભાઈ વણકર ઝડપાઇ જવા પામ્યો હતો. જ્યારે દિપસિંહ ઉર્ફે દિલીપ બકુભાઈ બારીયા, શંકરભાઈ તેરસીંગ પટેલને વિરૂદ્ધ મોરવા(હ) પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા આવી છે. અને બે ઈસમોને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી.

## પંચમહાલ જિલ્લામાં ૨૨મી જાન્યુઆરી સુધી ઓનલાઈન ભરતી મેળા યોજાશે



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ સ્વામી વિવેકાનંદ જયંતિ રાષ્ટ્રીય યુવા દિવસે રાજ્યના રોજગાર વાંચ્છુ યુવાઓ માટે રોજગારલક્ષી ઓનલાઇન કોલ સેન્ટર રોજગાર સેતુનો પ્રારંભ કરાવ્યો હતો. કાર્યક્રમમાં પંચમહાલ સહિત રાજયભરના જિલ્લાઓ ઈ–કોન્ફરિન્સિંગ મારફતે જોડાયા હતા. આ પહેલના પરિણામે રાજ્યનો કોઈ પણ યુવાન આ કોલ સેન્ટરનો નંબર ૬૩–૫૭–૩૯૦–૩૯૦ ડાયલ કરીને રાજ્યના કોઈ પણ જિલ્લાની અભ્યાસલક્ષી, રોજગારલક્ષી અને સરકારની યુવાલક્ષી સહિતની યોજનાઓની માહિતી મેળવી શકશે. રાજ્યના શ્રમ રોજગાર વિભાગના રોજગાર તાલીમ નિયામક કચેરી દ્વારા આ નવતર પહેલ સાથે મુખ્યમંત્રીએ ઓનલાઇન ભરતી મેળા પખવાડીયું (૧૨ જાન્યુઆરીથી ૨૫ જાન્યુઆરી)નો પણ પ્રારંભ કરાવ્યો હતો. પંચમહાલ જિલ્લામાં પણ રોજગાર સેતુ કાર્યક્રમ અંતર્ગત ૨૨મી જાન્યુઆરી સુધી કુલ ૦૯ ઓનલાઈન ભરતી મેળા યોજાશે, જેમાં ૮૦૦થી વધુ વેકન્સીઓ વિવિધ કંપની દ્વારા ઓફર કરવામાં આવશે, જેનો મોટાપાયે લાભ લેવા જિલ્લાના રોજગારવાંચ્છુઓને રોજગાર અધિકારી એ.એલ.ચૌહાણે અપીલ કરી હતી. માનનીય મુખ્યમંત્રી દ્વારા રોજગાર સેતુ અને ઓનલાઈન ભરતીમેળા પખવાડિયાનાં શુભારંભ તથા એપ્રેન્ટીસશીપ યોજનાની પુસ્તિકાના ઈ–વિમોચન પ્રસંગે પંચમહાલ જીલ્લામાં ગોધરા, જિલ્લા સેવાસદન ખાતે કલેકટરની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા રોજગાર અધિકારી એ.એલ.ચૌહાણ, આઈટીઆઈના પ્રિન્સિપાલ ભાવસાર તેમજ ખાનગી ક્ષેત્રનાં નોકરીદાતા એમ.જી.મોટર્સ, હાલોલ, સીએટ ટાયર્સ હાલોલ, ટીમ લીઝ વડોદરા, આર બી કાર્સ ગોધરા, ગુરૂકુળ મેનેજમેન્ટ ગોધરાનાં મેનેજર અને નોકરી મેળવેલ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

## પંચમહાલ જીલ્લાના ગોધરા અને સાલીયા ગામેથી કત્તલના ઈરાદે ગોંધી રાખેલ ૧૩ ગૌવંશ બચાવી પાંજરાપોળ ખસેડાયા

ગોધરા, પંચમહાલ જીલ્લાના મોરવા(હ) તાલુકા અને ગોધરા બી ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાં કત્તલના ઈરાદે ગોંધી રાખેલ ૧૩ ગૌવંશને બચાવી લેવમાં આવ્યા. ગૌવંશને પરવડી પાંજરાપોળ ખાતે ખસેડવામાં આવ્યા. વિસ્તૃત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના સાલીયા ગામે કત્તલ કરવાના ઈરાદે ગૌવંશને ગોંધી રાખવામાં આવ્યા છે. તેવી બાતમીના આધારે જીલ્લા પોલીસવડાની સુચનાથી મોરવા(હ) પોલીસ મથકના પી.એસ.આઈ. એચ.જી.ભરવાડ અને સ્ટાફના પોલીસકર્મીઓ સાથે સંતરોડ ખાતે રેડ કરી હતી. રેડ દરમ્યાન ૧૦ ગૌવંશને બચાવી લેવામાં આવ્યા હતા.

બીજા બનાવમાં ગોધરા શહેર ગોન્દ્રા વિસ્તારમાં બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ૩ ગૌવંશને કત્તલ પહેલા ઉગારી લેવામાં આવ્યા. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.



મોરવા હડફ તાલુકા ના રસુલપૂર પ્રાથમિક શાળામાં સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી નિમિતે મોરવા હડફ તાલુકાના આસપાસના ગામના યુવાઓને કીટ વિતરણ કરવામાં આવ્યું. ભારતીય જનતા પાર્ટીના આગેવાન વિક્રમભાઈ ડિંડોર તેમજ અન્ય મહાનોભાવો દ્વારા યુ ઓલીબોલ, ફૂલરેકેટ. વિગેરે યુવા અને યુવતી ઓને કીટ આપવામાં આવી.

## જાંબુઘોડાના નિઝરણ દિલ ગામેથી કારમાં લઈ જવાતો ૫૮ હજારનો દારૂ ઝડપ્યો



જાંબુઘોડા, જાંબુઘોડા તાલુકાના નિઝરણ દિલ ગામથી મારૂતી અલ્ટોકારમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો જબાણા ગામે લઈ જનાર છે. તેવી બાતમીના આધારે વોચ ગોઠવી કારને ઝડપી પાડી હતી. કાર માંથી ઈંગ્લીશ દારૂ કિંમત ૫૮,૩૯૦/–રૂપીયા મોબાઈલ ફોન અને કાર મળી ૧,૫૮,૮૯૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે જાંબુઘોડા તાલુકાના નિઝરણ દિલ ગામેથી મારૂતી અલ્ટો ગાડી નં. જીજે.૦૬.ડીજી.૦૫૯૦માં ઈંગ્લીશ દારૂનો જથ્થો પોચલી બાજુ થઈને ઝબાણ લઈ જવાનો છે. તેવી બાતમીના આધારે પોલીસે કેના રોડ ઉપર વોચ અને નાકાબંધી કરી હતી અને અલ્ટો કારને ઝડપી હતી. કારના ચેકીંગ દરમ્યાન ઈંગ્લીશ દારૂ પ્લાસ્ટીક બોટલો નંગ–૧૧૮, બીચર ટીન નંગ–૯૬ મળી કિંત ૫૮,૩૯૦/રૂપીયાનો દારૂ મારૂતીકાર અને મોબાઇલ ફોન મળી કુલ ૧,૫૮,૮૯૦/રૂપીયાનો મુદ્દામાલઓથી વિનોદ શનાભાઈ રાઠવા ને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે જાંબુઘોડા પોલીસ મથકે પ્રોહિબીશન એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## પંચમહાલ જનરલ નર્સિંગ સ્કુલના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા સ્ટાફ નર્સની સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લેવા કલેકટરને રજુઆત

ગોધરા, છેલ્લા વર્ષ ના જી.એન.એમ વિદ્યાર્થીઓ ને હાલમાં જાહેર થયેલા સ્ટાફનર્સ સ્પર્ધાત્મક પરીક્ષા માં ભાગ લેવા માટેની મંજૂરી મળે તે માટે વિદ્યાર્થીઓ એ પંચમહાલ જિલ્લા કલેકટર ને રજુઆત કરી હતી.

પંચમહાલ જિલ્લાની સરકારી જનરલ નર્સિંગ સ્કૂલ માં ત્રીજા વર્ષ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ હાલમાં જાહેર થયેલા સ્ટાફનર્સ કેડર ની ૭૦૦ જગ્યાઓ માટેની સ્પર્ધાત્મક પરીક્ષામાં ઓનલાઈન ફોર્મ ભરી શકતા નથી. જેથી ત્રીજા વર્ષ ના પાર્ટ –૨ ના આઇ.એન.ઇ/જી.એન.ઇ સિલેબસ મુજબ ૮૦% કિલનિકલ પ્રેક્ટિકલ એક્સીપિરિયન્સ એરિયામાં થવો જોઈએ.જે ૩૧/૧/૨૦૨૧ ના રોજ પૂર્ણ થનાર છે.જેથી વિદ્યાર્થીઓ ને સ્પર્ધાત્મક પરીક્ષા માં ભાગ લેવાનો મોકો મળતો નથી. હાલમાં ગુજરાત નર્સિંગ કાઉન્સિલના સિલેબસ અનુસાર છ માસની ઈન્ટર્નશીપ ૩૧/૧ ના રોજ પૂર્ણ થનાર છે.જેથી ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં રજિસ્ટ્રેશન પૂર્ણ થઈ શકી નથી. માટે આ મામલે વિદ્યાર્થીઓ એ જિલ્લા કલેકટર ને રજુઆત કરતા વિનંતી કરી હતી કે અમારી પરિસ્થિતિને ધ્યાનમાં લઈ અમને સ્પર્ધાત્મક પરીક્ષા માં ભાગ લેવાની તક નો લાભ મળે તે માટે પરીક્ષા ના ફોર્મ ભરવા માટે ની શરત ના ઓનલાઈન ફોર્મ ભરવા માટે નો સમયગાળો લંબાવવા માટે વિનંતી કરીએ છીએ.

## શહેરામાં ચાઈનીઝ દોરી અને તુકકલના વેચાણ માટે ચેકીંગ : એક દુકાનદાર પ્રતિબંધીત ફિરકા સાથે ઝડપાયો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરામાં ચાઈનીઝ દોરી અને તુક્કલનું વેચાણ કરતા દુકાનદારોને ત્યાં મામલતદાર, સેનેટરી ઈન્સપેક્ટર અને પોલીસ દ્વારા કરાયું ચેકીંગ હતું.બસ સ્ટેશન વિસ્તારમાં એક દુકાનદાર પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા ઝડપાયો હતો.

પંચમહાલ જિલ્લાના શહેરા નગરમાં ચાઈનીઝ દોરી અને તુક્કલનું વેચાણ કરવામાં આવી રહ્યું હોવાની માહિતીના આધારે મામલતદાર મેહુલ ભરવાડ, નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર જીતેન્દ્ર રાઠોડ અને શહેરા પોલીસ દ્વારા પતંગ–દોરીનું વેચાણ કરતા દુકાનદારોને ત્યાં ચેકીંગ હાથ ધરવામાં આવતા બસ સ્ટેશન વિસ્તારમાં આવેલ એક દુકાનદાર ચાઈનીઝ દોરીનું વેચાણ કરતો ઝડપાયો હતો. જેને લઈને ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા દુકાનદાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે જાહેર રસ્તા પર મુકેલ સામાન પણ પાલિકા તંત્ર દ્વારા જપ્ત કરવામાં આવ્યો હતો.

## પંચમહાલ જીલ્લામાં આજે ૦૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૮૭૮ થયો

ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૦૩ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૦૩ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા–૦૩ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ

**- ૦૮ દર્દી સાજા થતાં રજા અપાઈ.**
**- એકટીવ કેસ ૭૦.**
**- મૃત્યુ આંક - ૧૩૬.**

પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૮૭૮ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૦૩ પોઝીટીવ કેસ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.



પંચમહાલ જિલ્લા માં આગામી ૧૬ તારીખે વેક્ષીનેશન કરવા માટે ની સંપૂર્ણ તૈયારી કારી દીધી છે. ત્યારે જિલ્લા ના ગોધરા ખાતે વેક્સિન રાખવા માટે અલગ અલગ કોલ્ડ સ્ટોરેજ બનવવામાં આવ્યા છે. જેમાં વેક્સિન સ્ટોરમાં ૧૧ આઈ એલ આર ફિટ કરવામાં આવ્યા છે જેને નિયત ટેપરેચર પર રાખવામાં આવશે. ૯૨૭૪ જેટલા હેલ્થ વર્કરની રસીકરણ કરવામાં આવશે. જિલ્લામાં ૧૨૨૮ બુથો રાખવામાં આવ્યા છે. જેમાં ૬ જેટલા બુથો પર ૧૬ તારીખે રસીકરણ કરવામાં આવશે ટેનિંગ પર તમામ બુથો પર આપી દેવામાં આવી છે. જિલ્લા અધિકારી એ ૫૦ વર્ષ થી વધુ ઉંમરના અધિકારીઓ જો નોંધણી કરવામાં રહી ગયા હોય તો નોંધણી કરવા માટે આરોગ્ય અધિકારીનો સંપર્ક કરે. જેમાં જિલ્લામાં તમામ જગ્યા પર તબક્કા વાર વેક્સિનનેશન કરવામાં તંત્ર એ સંપૂર્ણ તૈયારી દર્શાવી છે.

## મોરવા હડફ પંથકમાં ઉતરાયણના પર્વની ઉજવણી માટે થનગનાટ



મોરવા(હ), મોરવા હડફ સહિત સમગ્ર પંથકમાં ઉતરાયણ પર્વની ઉજવણી કરવા પતંગ રસિકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો છે. કોરોનાની મહામારી ને લઇ છેલ્લા કેટલાક સમયથી રાજય તથા દેશભર માં દરેક તહેવારોની સામે કિરોનાનું વિઘ્ન હતું. એક દિવસ પછી મકરસંક્રાંતિ ઉતરાયણ પર્વ આવી રહ્યો છે. મોરવા હડફ મા પતંગ રસિકો બજાર માં દોરી પતંગની ખરીદી કરવા નીકળ્યા છે. ત્યારે વેપારીઓમાં હાશકરો અનુભવ્યો છે. આવનાર ઉતરાયણના પર્વની લઈને કોરોનાનો કેર વધે નહી તે માટે રાજ્ય સરકાર દ્વારા કોવિડ ગાઈન લાઈન બહાર પાડવામાં આવી છે. એક દિવસ બાદ પતંગ રસિકો કોરોના નો ડર ને દૂર કરી ને આવનારો તહેવારો ઉજવણી કરવા માટે સજ્જ થઇ પતંગ દોરી ની ખરીદી કરવા માટે બજારમાં નીકળી ગયા છે.

## બી.ફાર્મસી કોલેજ-રામપુરા ખાતે કેમ્પસ પ્લેસમેન્ટ ઈન્ટરવ્યૂનું આયોજન

ગોધરા, ચરોતર આરોગ્ય મંડળ સંચાલિત શ્રી ક્રિષ્ના હોસ્પિટલ કરમસદ દવારા બી.ફાર્મસી કોલેજ–રામપુરા ખાતે કેમ્પસ પ્લેસમેન્ટ ઈન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું જેમાં સંસ્થાના ચાર બી.ફાર્મ વિદ્યાર્થિઓની સારા પગાર ધોરણે પસંદગી કરવામાં આવી. શ્રી ક્રિષ્ના હોસ્પિટલ ૯૦૦ કરતાં વધુ બેડની ક્ષમતા ધરાવતી ગુજરાતની વિશ્વશનીય હોસ્પિટલમાંથી એક મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ છે. હોસ્પીટલમાં વિના મૂલ્યે કેશ નોધવામાં તથા સારવાર આપવામાં આવે છે. ગરીબીરેખા નીચે જીવતા સામાન્ય લોકોને સારવારમાં પણ રાહત આપવામાં આવે છે. બી. ફાર્મસી કોલેજ રામપુરા વર્ષ ૨૦૦૬ થી ફાર્મસી શિક્ષણમાં સંકળાયેલી સંસ્થા છે. શ્રી ક્રિષ્ના હોસ્પિટલના મેનેજર નિશાંત કુમાર અને એચાઆર. મેનેજર નિગમ મદન, સોનબા હોસ્પિટલ, સેવાલિયાના કો.કોર્ડીનેટર, પ્રશાંતસિંહ રાઉલજી, બી.ફાર્મસી કોલેજ રામપુરાના વાઈસ પ્રિન્સીપાલ, ડો.સુરેશ એમ. જૈન, ડૉ.કિંજલ એચ. શાહ અને પ્લેસમેન્ટ કો.ઓર્ડિનેટર, વિશ્વકર્માસિંહ દ્વારા ઈન્ટરવ્યુંનું આયોજન કરવામાં આવ્યું હતું.